# BUSINESS મિત્ર

## AI સ્ટોક્સમાં ભૂકંપ! 'માનવતા સામે ખતરો'ના નાદે એશિયન માર્કેટમાં હાહાકાર

**ચીન**, જાપાન, તાઇવાન અને સાઉથ કોરિયાના બજારોમાં વેચવાલી હાવી થઇ

**સુરક્ષાના** કારણે ઓપનએઆઇ આ વર્ષે IPO પણ નહીં લાવે

મુંબઇ, તા. 14: વૈશ્વિક બજારોમાં એઆઇ સંબંધિત શેરોમાં આજે તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. યુએસ એઆઇ કંપનીઓના સીઇઓની ચેતવણી પછી આ કંપનીઓના શેરોમાં દબાણ જોવા મળ્યું હતું. જેમણે કહ્યું હતું કે, માનવતા માટેના સંભવિત જોખમોને રોકવા માટે એઆઇ વિકાસ ધીમુ કરવું પડશે.

એશિયન બજારોમાં તાઇવાન, જાપાન અને સાઉથ કોરિયાના બજારોમાં કડાકો બોલાયો હતો. જાપાનમાં ચેટજીપીટી બનાવતી કંપની ઓપનએઆઇમાં રોકાણકાર સોફ્ટબેન્કના શેરમાં એક તબક્કે 13.2 ટકાનો ઘટાડો થયો હતો.

એન્થ્રોપિક સીઇઓ ડારિયો અમોદેઇએ શનિવારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક લેખમાં એઆઇ મોડેલોની ક્ષમતાઓની પ્રગતિને ધીમી પાડવાની હાકલ કરી હતી. તેમણે એઆઇ દુરૂપયોગ વિશે વધતી ચિંતાઓને ટાંકી હતી. એલન મસ્ક અને ઓપનએઆઇના સીઇઓ સેમ ઓલ્ટમેન પણ અમોડી સાથે થયા હતા.

અમોદેઇએ ચેતવણી આપી હતી કે આગામી છથી બાર મહિનામાં એઆઇ એજન્ટો એટલા સક્ષમ બની શકે છે કે તેઓ સંભવિત રીતે સમગ્ર ઇન્ટરનેટ પર નિયંત્રણ મેળવવાની સ્થિતિમાં હોઇ શકે છે અને આનાથી સેંકડો અબજો ડોલરનું નુકશાન થઇ શકે છે. ઓલ્ટમેને એમ પણ કહ્યું હતું કે, એઆઇ સાથે સંકળાયેલા સુરક્ષા જોખમોને કારણે ઓપનએઆઇ આ વર્ષે આઇપીઓ તરફ આગળ વધશે નહીં.

એઆઇ વિકાસ વિશેની વધતી ચિંતાઓએ સેમિકન્ડક્ટર કંપનીઓના શેરને પણ અસર કરી હતી. જાપાનમાં મેમરી ચીપ ઉત્પાદક કિઓક્સિયાના શેરમાં 10 ટકા સુધી ઘટ્યો હતો. ટોક્યો ઇલેક્ટ્રોન 3.7 ટકા ઘટ્યો હતો. તેઇપેઇમાં ટીએમએમસીના શેરમાં 1.2 ટકા, દક્ષિણ કોરિયામાં એસકે હાઇનિક્સમાં 5.3 ટકા અને સેમસંગ ઇલેક્ટ્રોનિક્સમાં 3.7 ટકાનો ઘટાડો થયો હતો. નિષ્ણાતનું કહેવું છે કે, સપ્તાહના અંતમાં એઆઇ વૃદ્ધિને ધીમું કરવાના કોલ પછી ટોક્યોમાં એઆઇ અને સેમિ કન્ડક્ટર સંબંધિત શેરોમાં વેચાણ વધ્યું હતું. તેની સાથે ચીનના બજારોમાં દબાણ વધ્યું હતું. સીએક્ટીએમટી 3.6 ટકા, એસએમઆઇસીમાં 2.6 ટકાનો ઘટાડો થયો છે. હોંગકોંગમાં ઝોંગજી ઇનોલાઇટ 6.7 ટકા અને મિનિમેક્સમાં 7.8 ટકાનો ઘટાડો થયો હતો. એઆઇ મોડેલોની જીએલએમ શ્રેણી વિકસાવતા ઝેડ એઆઇના શેરમાં 10.5 ટકાનો ઘટાડો થયો હતો.

## બે વર્ષ બાદ બોફા સિક્યોરિટીનો ભારતીય શેરબજાર પર વિશ્વાસ પરત ફર્યો

**ડિસેમ્બર**, 2026 સુધીમાં નિફ્ટી 26200ના સ્તર પર પહોંચી શકે છે

મુંબઇ, તા. 14: બે વર્ષ સુધી ભારતીય શેરબજારને લઇને સાવચેત રહ્યા બાદ હવે બેન્ક ઓફ અમેરિકા બોફા સિક્યોરિટીનો વિશ્વાસ પરત ફર્યો હોય તેવું લાગી રહ્યું છે. બ્રોકરેજ નિફ્ટી પર પોતાનું વલણ સકારાત્મક કરી દીધું છે અને ડિસેમ્બર, 2026 સુધીમાં નિફ્ટી 26200ના સ્તર પર પહોંચી શકે છે. આ વર્તમાન સ્તરથી લગભગ 12 ટકાની સંભવિત વધારો છે.

બોફા સિક્યોરિટીના જણાવ્યા અનુસાર ભૂતકાળમાં બજારમાં અસ્થિરતાની સંભાવના પાછળ આઠ જોખમો હતા. આમાંના પાંચ જોકમો હવે લામે આવ્યા છે અથવા બજારે પહેલાથી જ ભાવમાં તેમની અસરને પરિબળ બનાવી દીધી છે. બાકીના ત્રણ જોખમોને કારણે નિફ્ટી નબળી સ્થિતિમાં લગભગ 7 ટકાનો ઘટાડો કરી શકે છે. આ જોખમોમાં ક્રુડ ઓઇલના વધતા ભાવ, રૂપિયાનું અવમુલ્યન, નબળું ચોમાસું, કોમોડિટીઝના ભાવ અને આરબીઆઇ દ્વારા વ્યાજદરમાં વધારો થવાની સંભાવનાનો સમાવેશ થાય છે. જોકે, તેના મુખ્ય અંદાજમાં બ્રોકરેજને અપેક્ષા છે કે નિફ્ટી વર્ષના અંત સુધીમાં 26200 સુધી પહોંચશે.

જોકે, બોફા સિક્યોરિટીઝે જણાવ્યું હતું કે, અન્ય ત્રણ જોખમો હજુય પણ રોકાણકારોના ચિંતા વધારી શકે છે. આમાં કંપનીઓ દ્વારા મોટી માત્રામાં નવા શેર જારી કરવા, યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદગરમાં વધારાની સંભાવના અને એઆઇ દ્વારા થતા ફેરફારોનો સમાવેશ થાય છે. કંપનીઓ બાકીના વર્ષમાં કુલ 30 અબજ ડોલરના નવા શેર જારી કરી શકે છે. તેની સરખામણીમાં 2026માં અત્યાર સુદીમાં 36 અબજ ડોલર એકત્ર કરવામાં આવ્યા છે. બેન્કનું માનવું છે કે, નવા શેર જારી કરવાની પ્રવૃત્તિ ઓક્ટોબરમાં તેના ઉચ્ચતમ સ્તરે પહોંચી શકે છે. આ સાથે બોફા અપેક્ષા રાખે છે કે યુએસ ફેડરલ રિઝર્વ સપ્ટેમ્બરથી ડિસેમ્બર વચ્ચે વ્યાજદરમાં કુલ 75 બેસીસ પોઇન્ટનો વધારો કરશે. જે અપેક્ષા કરતા વધુ છે. વિશ્લેષકોના જણાવ્યા અનુસાર એઆઇનો વધતો જતો ઉપયોગ અને ભારતમાં રોજગાર પર તેની સંભવિત અસરને પણ લાંબા ગાળઆનું જોખમ માનવામાં આવે છે. એટલે કે અર્થતંત્ર અને રોજગાર માળખા પર તેની અસર માત્ર ટુંકા સમય માટે નહીં, લાંબા સમય સુધી ટકી શકે છે.

## 'અમારા ગ્રાહકો પર ડોળો!': એરટેલ-જિયોનો Vi સામે મોરચો

**જિયો-એરટેલે** ટ્રાઇ સમક્ષ વોડાફોન આઇડિયા વિરૂદ્ધ ફરિયાદ કરી

નવી દિલ્હી, તા. 14: એરટેલ અને જિયોએ આરોપ લગાવ્યો છે કે વોડાફોન આઇડિયા તેમના મોબાઇલ ગ્રાહકોને છીનવી રહ્યા છે, તેમના ગ્રાહકોને આકર્ષવા માટે ખોટી રીતો આપનાવી રહ્યા છે. એરટેલ અને જિયોએ આ અંગે ટ્રાઇમાં ફરિયદા કરી છે અને આ મામલાની તપાસ કરવાની માગ કરી છે.

છેલ્લા કેટલાક અઠવાડિયાઓમાં ટ્રાઇ સાથે થયેલી અનેક બેઠકો અને સત્તાવાર સંવાદ દરમ્યાન દેશની અગ્રણી ટેલિકોમ કંપનીઓએ ત્રીજી સૌથી મોટી ટેલિકોમ કંપની વોડાફોન આઇડિયાને આ મામલે ધ્યાન આપવા માટે નિર્દેશ આપવા જણાવ્યું ચે. તેમણે કહ્યું છે કે, ટેલિકોમ કંપનીઓએ પોતાના દાવના સમર્થનમાં પુરાવા પણ રજૂ કર્યા છે. આ અંગે પુછવામાં આવતા વોડાફોન આઇડિયાએ કહ્યું હતું કે, તે એવુ કોઇ કામ કે પગલું લઇ રહી નથી. જેનાથી વર્તમાન નિયમો અથવા કાયદાનું ઉલ્લંઘન થાય.

જિયો અને એરટેલે મોબાઇલ નંબર પોર્ટેબિલિટી દ્વારા ગ્રહાકોને પોતાની સાથે જોડવામાં ખોટી રીતો અપનાવવાનો આરોપ લગાવ્યો છે. તેઓનું કહેવું છે કે ગ્રાહકોને એવા લોકો ફોન કરે છે, જેઓ પોતાના વોડાફોન સિવાયની અન્ય ટેલિકોમ કંપનીઓના કર્મચારી તરીકે ઓળખાવે છે. તેઓ ગ્રાહકોને ટુંકસમયમાં ટેરિફમાં વધારો થવાની અને હાલની પ્લાનમાં ફેરફાર થવાની માહિતી આપે છે. જે ટ્રા૩ઇના 2021ના તે નિર્દેશોનું ઉલ્લંઘન છે, જેમાં કહેવાયું છે કે ટેલિકોમ ઓપરેટરો એવા કોઇ પગલાં નહીં લે, જેને કારણે હરિફ ઓપરેટરના નેટવર્કમાંથી ગ્રાહકો બહાર નીકળી જાય. ટેલિકોમ કંપનીએ એવો પણ આરોપ લગાવ્યો છે કે, વોડાફોન આઇડિયા કેટલાક સર્કલમાં એવા એસએમએસ રોકી રહી હતી, જે એમએનપી માટે યુનિક પોર્ટીંગ કોડ જનરેટ કરવા માટે ફરજિયાત રીતે 1900 નંબર પર મોકલવાના હોય છે.

## ઓગસ્ટમાં જથ્થાબંધ મોંઘવારી દર વધીને 9.92 ટકા થયો

**આગામી** તહેવારોની સીઝન કડવી બનશે: શાકભાજી, તેલ અને ઇંધણના ભાવ ભડકે બળતાં જથ્થાબંધ મોંઘવારી વધી

**ઓગસ્ટ** મહિનામાં ખાદ્ય ફુગાવો 7.05 ટકા નોંધાયો

**નબળો** રૂપિયો અને આંતરરાષ્ટ્રીય મંદી નજીકના ભવિષ્યમાં મોંઘવારી વધુ વધારે તેવી શક્યતા

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઇ): ખોરાક, ઇંધણ અને ઉત્પાદિત વસ્તુઓના ભાવમાં વધારાને કારણે ઓગસ્ટ મહિનામાં જથ્થાબંધ ભાવ સૂચકઆંક (WPI) પર આધારિત મોંઘવારી દર વધીને 9.92 ટકા નોંધાયો છે, જે જુલાઇમાં 9.78 ટકા હતો. સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા અનુસાર, 2022-23ના નવા આધાર વર્ષ સાથેની ડેટા શ્રેણીમાં ઓગસ્ટ મહિનાનો આ ફુગાવો બીજા ક્રમનો સૌથી ઉંચો આંકડો છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યા મુજબ, મિનરલ ઓઇલ, ખાદ્ય ચીજો, મૂળભૂત ધાતુઓ અને રસાયણોના ભાવમાં થયેલો વધારો WPI વધવા પાછળનું મુખ્ય કારણ છે.

ઓગસ્ટમાં ખાદ્ય ફુગાવો જુલાઇના 6.65 ટકાથી વધીને 7.05 ટકા થયો છે, જ્યારે ઉત્પાદિત વસ્તુઓ ક્ષેત્રે ફુગાવો 8.37 ટકાની રેકોર્ડ સપાટીએ પહોંચ્યો છે. બળતણ અને વીજળી જૂથમાં જથ્થાબંધ મોંઘવારી દર જુલાઇના 20.05 ટકાથી ઝડપથી વધીને 22.93 ટકા પર પહોંચી ગયો છે. અર્થશાસ્ત્રીઓના મતે, પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ અને વૈશ્વિક ઉર્જા કિંમતોમાં ઉછાળાને કારણે ભવિષ્યમાં પણ WPI અને આઉટપુટ પ્રોડ્યુસર પ્રાઇસ ઇન્ડેક્સ (OPPI) પર દબાણ જળવાઇ રહેશે.

બાર્કલેઝના રિસર્ચ રિપોર્ટ અનુસાર, આંતરરાષ્ટ્રીય ઉર્જા ભાવ વધવાથી ઇંધણ અને વીજળી ફુગાવામાં ઉછાળો આવ્યો છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૫૦૦ |
| એમ-30 | ૫૫૦૦ |
| એસ-30 | ૫૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૨૦૦ |
| એસ-30 | ૫૧૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૨૦૦ |
| તેજાબી સોનું | ૧૫૫૧૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૪૪૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૨૧૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૨૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૨૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૪૩૦૦ |

## ભારતીય ડિફેન્સ કંપની સાઉથ આફ્રિકન કંપની ખરીદશે

**સોલાર** ઇન્ડસ્ટ્રી ઓમ્નીયા હોલ્ડીંગ્સને રૂ. 12,951 કરોડમાં ખરીદશે

મુંબઇ, તા. 14: દેશની ડિફેન્સ સેક્ટરની કંપની સોલાર ઇન્ડસ્ટ્રી ઇન્ડિયા સાઉથ આફ્રિકાની કંપની જોહનિસબર્ગ સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ ઓમ્નીયા હોલ્ડીંગ્સને ખરીદશે. કંપની દક્ષિણ આફ્રિકામાં તેના માઇનીંગ બિઝનેસને વધારવા માગે છે. સોલાર ઇન્ડ.એ ઓમ્નીયા હોલ્ડીંગ્સને 1.36 અબજ ડોલર એટલે કે રૂ. 12951 કરોડ રૂપિયામાં ખરીદશે. જોકે, આ સોદા માટે ઓમ્નિયાના શેરહોલ્ડરોની નિયમનકારી મંજુરીની જરૂર પડશે.

આ કંપનીને ખરીદવા પાછળ મહત્વપુર્ણ ખનીજોનું ઉત્પાદન વધારવા અને આ ક્ષેત્રમાં રાકણ આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે. મોટા પ્રમાણમાં કોપરના ભંડાર ધરાવતા ઝામ્બિયાએ પણ કોપરના ઉત્પાદનમાં લગભગ ત્રણ ગણો વધારો કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

## ક્રિપ્ટો ખરડાના નવા નૈતિકતા નિયમો સાથે ટ્રમ્પ સંમત

**આ ખરડો** મંગળવારે સેનેટમાં મતદાન માટે રજૂ થશે

**મામૂલી** વિરોધ પછી પ્રમુખ ટ્રમ્પ આશ્ચર્યજનક રીતે આ ખરડાના નવા નિયમો સાથે સંમત થઇ ગયા

વોશિંગ્ટન, તા. ૧૪(એપી): સેનેટમાં તૈયાર કરવામાં આવી રહેલા વ્યાપક ક્રિપ્ટોકરન્સી બિલ વિશે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અઠવાડિયાથી સ્પષ્ટ સંદેશ સાંભળી રહ્યા હતા: આ બિલને પસાર કરાવવા માટે તેમણે પોતાના પર પણ લાગુ પડતી નૈતિક જોગવાઇઓ સ્વીકારવી પડશે.

પ્રથમ, ટ્રમ્પ એક એવા પ્રસ્તાવ પર સંમત થયા જે તેમને અને તેમની પત્નીને તેવા પ્રકારના 'મીમ કોઇન્સ' લોન્ચ કરવાથી રોકશે, જે તેમણે બીજી વખત વ્હાઇટ હાઉસમાં પાછા ફરવાની તૈયારી વખતે તરત જ શરૂ કર્યા હતા.

## પરાક્રમી હુથી યોદ્ધાઓએ સાઉદી અરેબિયાનું નાક કાપી લીધું છે




આજ સુધી આપણે આતંકવાદીની વ્યાખ્યા અમેરિકા અને યુરોપના દેશોના માપદંડ પ્રમાણે કરતા હતા. જે દેશો કે તેમના લડવૈયાઓ અમેરિકાના આદેશ મુજબ જીવવા તૈયાર ન હોય અને પોતાના વતન માટે લડતા હોય તેમને અમેરિકા દ્વારા આતંકવાદીનું લેબલ મારી દેવામાં આવતું હતું. દાખલા તરીકે અમેરિકાએ અફઘાનિસ્તાન પર કબજો કર્યો ત્યારે અફઘાનિસ્તાનની મુક્તિ માટે લડતાં તાલિબાનને અમેરિકા દ્વારા આતંકવાદી ગણાવી દેવામાં આવ્યા હતા. આ તાલિબાને અમેરિકાને અફઘાનિસ્તાન છોડવાની ફરજ પાડી અને આજે તેઓ અફઘાનિસ્તાનમાં સરકાર ચલાવી રહ્યા છે. હમાસ, હિઝબુલ્લાહ અને હુથીનું પણ તેવું જ છે. હમાસના લડવૈયાઓ ગાઝા પટ્ટીના વતન માટે જાનની બાજી લગાવીને લડી રહ્યા છે. ઇઝરાયેલ અને અમેરિકા ગાઝા પટ્ટી પર કબજો જમાવવા માગે છે, માટે તેમણે હમાસને આતંકવાદી સંગઠન તરીકે જાહેર કર્યું છે. હિઝબુલ્લાહ પોતાના વતન લેબેનોનની રક્ષા માટે લડી રહ્યું છે. ઇઝરાયેલ લેબેનોન પર કબજો જમાવવા માગે છે, માટે તેણે હિઝબુલ્લાહને પણ આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે.

હુથી લડવૈયાઓની સ્ટોરી કાંઇક અલગ છે. સાઉદી અરેબિયા દ્વારા યમનમાં પોતાની કઠપૂતળી જેવી સરકારની સ્થાપના કરી હતી. અમેરિકાનો પણ તેને ટેકો હતો. હુથી લડવૈયાઓ આ ડમી સરકાર સામે લડ્યા અને પોતાના અડધા દેશ ઉપર તેમણે કબજો જમાવી દીધો, જેમાં યેમેનની રાજધાની સનાનો પણ સમાવેશ થતો હતો. કઠપૂતળી સરકારના પ્રમુખ ભાગી ગયા અને તેમણે સાઉદીની રાજધાની રિયાધમાં શરણું લીધું. હુથીઓ પોતાના કબજા હેઠળના યેમેનમાં રીતસરની સરકાર ચલાવી રહ્યા છે, તો પણ અમેરિકા તેને આતંકવાદી સંગઠન ગણાવે છે. બીજી બાજુ અમેરિકા હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં તેલના ટેન્કરોને લૂંટી રહ્યું છે તો પણ તે પોતાની જાતને શરીફ ગણાવે છે. હવે હુથી લડવૈયાઓ સાઉદીના કબજા હેઠળના યેમેન પર ત્રાટક્યા છે. સાઉદી સૈન્ય ભયભીત થઇને ભાગી રહ્યું છે. હુથીઓ સામે લડવા માટે સાઉદીએ અમેરિકાની મદદ માંગી, પણ ડોનાલ્ડ ટ્રમ્પે તેમને ડિંગો બતાવ્યો છે. પાકિસ્તાન પણ ઇરાનના ડરથી સાઉદીને મદદ કરવા તૈયાર નથી. હુથી લડવૈયાઓ હવે આખું યમન કબજે કરી લેશે તો પણ નવાઇ નહીં લાગે.

ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ રવિવારે રાત્રે પડોશી સાઉદી અરેબિયા પર નવા હુમલાઓ શરૂ કરવાનો દાવો કર્યો છે. તાજેતરના દિવસોમાં હુથીઓએ બાબ અલ-મંડેબ સ્ટ્રેટમાં એક મુખ્ય બંદર શહેર અને એક ટાપુ પર કબજો કર્યો છે, જે હોર્મુઝ સ્ટ્રેટના વિકલ્પ તરીકે સેવા આપતો એક મહત્ત્વપૂર્ણ દરિયાઇ માર્ગ છે. હુથીઓએ સાઉદી અરેબિયા પર વધુ મિસાઇલ અને ડ્રોન હુમલાઓનો દાવો કર્યો છે, જે યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતાપ્રાપ્ત સરકારને સમર્થન આપે છે. હુથી લશ્કરી પ્રવક્તા બ્રિગેડિયર જનરલ યાહ્યા સરીએ એક નિવેદનમાં દાવો કર્યો હતો કે તેમણે સાઉદી અરેબિયાના નજરાન ક્ષેત્રના શારુરાહ પ્રાંતમાં એક લશ્કરી થાણાને નિશાન બનાવ્યું હતું. સાઉદી નાગરિક સંરક્ષણ વિભાગે રાત્રે જણાવ્યું હતું કે યમનની સરહદ નજીક લાલ સમુદ્ર કિનારે અલ-તવ્વાલ ગવર્નરેટમાં એક મિસાઇલ પ્રક્ષેપણ પડ્યું હતું, જેમાં બે લોકો ઘાયલ થયા હતા અને એક મસ્જિદ અને અન્ય ઘણી ઇમારતોને નુકસાન થયું હતું. રવિવારે હુથીઓ પર થયેલા હુમલા અંગે સાઉદી તરફથી કોઇ નિવેદન આવ્યું નથી. તાજેતરમાં જાહેર કરાયેલી નાકાબંધીના ભાગ રૂપે હુથીઓ સાઉદી તેલ માળખા અને જહાજો પર હુમલો કરી રહ્યા છે.

સાઉદી અરેબિયાએ કહ્યું હતું કે તેણે ડ્રોન હુમલાના એક દિવસ પછી એક મોટી તેલ પાઇપલાઇન બંધ કરી દીધી છે, જ્યારે યમનના ઈરાનસમર્થિત હુથી બળવાખોરોએ લાલ સમુદ્રના દક્ષિણ પ્રવેશદ્વાર પર એક વ્યૂહાત્મક ટાપુ પર કબજો કર્યો હતો. આ બંને ઘટનાઓને ઈરાન યુદ્ધમાં એક નવા મોરચા તરીકે જોવામાં આવી રહી છે.

**યુદ્ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪**

સાઉદી અરેબિયાએ કહ્યું કે તેણે પૂર્વ-પશ્ચિમ પાઇપલાઇન બંધ કરી દીધી છે, જેના પર એક દિવસ પહેલાં હુમલો થયો હતો. સાઉદી ઊર્જા મંત્રાલયે આ બંધને સાવચેતીના પગલા તરીકે વર્ણવ્યું હતું. સાઉદી અરેબિયાના વિદેશ મંત્રાલયે આ હુમલા માટે ઇરાકથી છોડવામાં આવેલાં ડ્રોનનો ઉપયોગ જવાબદાર ગણાવ્યો હતો. યમનના ઈરાનસમર્થિત હુથી બળવાખોરોએ સાઉદી અરેબિયામાં અનેક નાગરિક અને આર્થિક લક્ષ્યો પર હુમલો કર્યો છે. આ હુમલાઓમાં ઓછામાં ઓછા ૭૩ લોકો ઘાયલ થયાં છે. સાઉદી અરેબિયાના ઊર્જા મંત્રાલયે પુષ્ટિ આપી છે કે તેના દક્ષિણ ક્ષેત્રમાં અનેક ઊર્જા અને તેલ પ્લાન્ટને નિશાન બનાવવામાં આવ્યા છે. યમનના મોટા ભાગની વસ્તીવાળા ઉત્તરીય ક્ષેત્રને નિયંત્રિત કરતા હુથી બળવાખોરોએ મિસાઇલ અને ડ્રોન હુમલાઓની જવાબદારી સ્વીકારી છે. તેમનું કહેવું છે કે તેઓએ આભા આંતરરાષ્ટ્રીય વિમાનમથક, સરહદ નજીક કિંગ ખાલિદ એર બેઝ અને સાઉદી અરેબિયાની સરકારી તેલ કંપની અરામકોના અભા અને જીઝાનમાં સુવિધાઓને નિશાન બનાવી હતી. જુલાઇમાં યમનમાં ચાર વર્ષના યુદ્ધવિરામના ભંગાણ પછી હુથીઓ દ્વારા કરવામાં આવેલો આ સૌથી ઘાતક હુમલો છે. સાઉદી અરેબિયાના વિદેશ મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું છે કે તેમનો દેશ તેમના સાર્વભૌમત્વની રક્ષા માટે તમામ જરૂરી પગલાં લેશે.

સેટેલાઇટ છબીઓ દર્શાવે છે કે ગઇ કાલે સાઉદી અરેબિયાના અબકૈક-યાન્બુ તેલ પાઇપલાઇનના ૧૦૯ કિલોમીટરના ભાગમાં ઘણી આગ લાગી હતી, જે ખાડી અને લાલ સમુદ્રને જોડે છે. યુરોપિયન સ્પેસ એજન્સીની છબીઓમાં મદીનાથી લગભગ ૭૨ કિલોમીટર દક્ષિણમાં એક પમ્પિંગ સ્ટેશનની આસપાસ કાળા ધુમાડાના મોટા ગોટા નીકળતા દેખાય છે. ગુરુવારે સાંજે પાઇપલાઇન પર આઠ સ્થળોએ આગ શોધી કાઢતી નાસા સોફ્ટવેર કંપનીઓના ડેટામાં અસામાન્ય ગરમીની પ્રવૃત્તિ પણ જોવા મળી હતી. આમાંથી એક જગ્યા એ જ પમ્પિંગ સ્ટેશનની છે. સાઉદી અરેબિયા આ પાઇપલાઇનનો ઉપયોગ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ખનિજ તેલની નિકાસના વિકલ્પ તરીકે કરે છે. ફેબ્રુઆરીમાં ઈરાન સાથે યુદ્ધ શરૂ થયું ત્યારથી હોર્મુઝ સ્ટ્રેટમાં ટ્રાફિક ભારે ખોરવાઇ ગયો છે. સેટેલાઇટ છબીઓ પરથી એ કહેવું શક્ય નથી કે કેટલું નુકસાન થયું છે.

હુથી જૂથના લડવૈયાઓએ લાલ સમુદ્રના એક મુખ્ય પેરીમ ટાપુ પર કબજો જમાવી લીધો છે અને તેણે યમનના સમગ્ર લાલ સમુદ્ર કિનારા પર નિયંત્રણનો દાવો કર્યો છે. પેરીમ ટાપુ બાબ-અલ-મંડેબ સ્ટ્રેટને દ્વિભાજિત કરે છે, જે એશિયા અને યુરોપને જોડતા વેપાર માર્ગના દક્ષિણ પ્રવેશદ્વાર છે. હુથીઓએ કહ્યું છે કે તેઓ આંતરરાષ્ટ્રીય શિપિંગ માટે કોઇ ખતરો નથી, પરંતુ સાઉદી અરેબિયાનાં જહાજોને નિશાન બનાવવાની તેમની ધમકીનો પુનરોચ્ચાર કર્યો છે.

અગાઉ, હુથીઓએ યમનમાં મોટી સફળતા મેળવી હોવાનો દાવો કર્યો હતો. બળવાખોરોએ ગુરુવારે લાલ સમુદ્રના બંદર શહેર મોખા પર કબજો કર્યો હતો. હવે, પેરીમ ટાપુ પર કબજો મેળવ્યા પછી લાલ સમુદ્રના દક્ષિણ છેડે સ્થિત બાબ અલ-મંડેબ સ્ટ્રેટ દ્વારા મુક્ત નેવિગેશન માટે મુશ્કેલીઓ વધી શકે છે. આ સામુદ્રધુની યુરોપ અને સાઉદી અરેબિયાનાં પશ્ચિમી બંદરોને સુએઝ નહેર દ્વારા હિંદ મહાસાગર અને બાકીના એશિયા સાથે જોડે છે. શુક્રવારે જારી કરાયેલા એક નિવેદનમાં હુથી બળવાખોરોએ કહ્યું હતું કે સાઉદી જહાજો સિવાય બધી કંપનીઓ માટે દરિયાઇ ટ્રાફિક સલામત છે. જૂથ કહે છે કે સાઉદી જહાજો નાકાબંધીના દાયરામાં છે. આ જૂથે યમનના પશ્ચિમ કિનારા પરથી સાઉદી અરેબિયાસમર્થિત દળોને હાંકી કાઢવાનો પણ દાવો કર્યો છે.

હુથીઓ કહે છે કે યમનમાં સાઉદી સમર્થિત દળો સામે તેમની મોટા પાયે લશ્કરી કાર્યવાહીનાં ચાર મહત્ત્વપૂર્ણ પરિણામો મળ્યાં છે. બળવાખોરોના લશ્કરી પ્રવક્તાએ દાવો કર્યો છે કે તાઇઝ અને હોદેઇદા પ્રદેશોના છ જિલ્લાઓમાંથી સાઉદી દુશ્મનના સૈનિકોને હાંકી કાઢવામાં આવ્યા છે. સાઉદી દુશ્મન દળોનાં સાત એકમોને નિશાન બનાવવામાં આવ્યાં હતાં અને સેંકડો સૈનિકો માર્યા ગયા હતા, પકડાયા હતા અને ઘાયલ થયા હતા. સાઉદી દુશ્મન ભાડૂતી સૈનિકો દ્વારા વર્ષોથી બંધક બનાવવામાં આવેલા ઘણા કેદીઓને મુક્ત કરવામાં આવ્યા હતા. સાઉદી ફાઇટર જેટને અટકાવવા માટેનાં ૩૨ ઓપરેશન દરમિયાન નવ વિમાનોને તોડી પાડવામાં આવ્યાં હતાં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**હુથી જૂથના લડવૈયાઓએ લાલ સમુદ્રના એક મુખ્ય પેરીમ ટાપુ પર કબજો જમાવી લીધો છે અને તેણે યમનના સમગ્ર લાલ સમુદ્ર કિનારા પર નિયંત્રણનો દાવો કર્યો છે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટર,** રેઇનકોટ, ઇનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL** લાઇફ ટાઇમ ખાત્રીપૂર્વક ઉધઇની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ. ઇલેક્ટ્રોનિક્સ, મોબાઇલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**PRESIDENT PEST CONTROL** 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઇક. 9737166947, 8758533196

**કોઇપણ કંપનીમાં** મેડિકલેઇમ લેવા પોર્ટ કરવા નવો લેવા મેડિકલેઇમમાં કોઇપણ ઉમર સુધી ઓપ્શન અવેલેબલ કોઇ પ્રોબ્લેમ હોઇ, ક્લેઇમ રિજેક્ટ થયેલ છે, ક્લેઇમ પ્રોસેસ કરવાનો છે. 9825016121

**ઘરબેઠા રીપેરીંગ** વોશીંગ મશીન, માઇક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile: 9825859049, 7859985601

**જૂના બંધ AC** લેવામાં આવશે. જૂના 2 વ્હીલર 4 વ્હીલર બંધ હાલત માં લેવામાં આવશે. 6351459536, 6358258722

**હિંચકાના કડાંવાલા** કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

મિલ્કત વેચવાની છે

**NA Plan Pass** 12 વિંઘા જમીન વેચવાની છે ગામ: પંડવાઇ (કોસંબા) 9687580001

**2.15 વિંઘા** ઇન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ ટેના રાંગ સુરત. Mo. 9687580001

**સુરત ડાયમંડ બુર્સ** ઓફિસ વેચવાની છે. Mo. 9687580001

**ખેતી લાયક** 42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ MO. 9687580001

**વેચવાની છે** જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા, કણજા. Mo. 9687580001

**50,000 ભાડાની** આવકવાળી રનિંગ દુકાન જમ્બો સાઇઝ પરશુરામ ગાર્ડન સામે વેચવાની 9157622115

મિલ્કત ભાડે -વેચાણ

**પ્લોટ- શેડ** ભાડે/ વેચાણ આપવાનો છે, વોટરજેટ-એરજેટ અને ટેક્સ્ટાઇલ લાયક, Cetp સુવિધા સાથે તૈયાર પ્લોટ,શેડ, લોકેશન: ભાટિયા ટોલ પાસે અને ગલુડા એક્સપ્રેસ-વે, પલસાણા, 9213661311

મિલ્કત ભાડેથી

**ભાડે આપવાનો છે** 3 BHK ફ્લેટ જહાંગીરાબાદ ડી- માર્ટ ની બાજુમા રોડ સાઇડ અગીયારમાં માળે. 9227500420

સુરત સ્ટેશન વિસ્તારમાં ગેસ્ટ હાઉસ હોસ્પિટલ માટે મોકાની જગ્યા પ્લાન પાસ વેચાણથી લેવા માટે રૂબરૂ મળવું અલીઅસગરભાઇ 9924754529

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**Dinesh Tours N Travels** નવેમ્બર - ડિસેમ્બર પેકેજ @ કેરાલા - રામેશ્વરમ - મદુરાઇ - કન્યાકુમારી. દિ. ૧૦ @ કશ્મીર - અમૃતસર. દિ. ૧૦ @ દાર્જીલિંગ - લાચુંગ - પેલિંગ - ગંગટોક. દિ. ૯ આરામદાયક હોટલ બ્રેકફાસ્ટ - ડિનર સહિત વધુ માહિતી માટે સંપર્ક કરો :- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

**સ્વપ્ન ટ્રાવેલ્સ** 53 વર્ષમાં પ્રવેશ, ચારધામ- બદ્રીનાથ, કેદારનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, તારીખ- 10/10, દિવસ-15. દિવાળીમાં પ્રવાસો (1) દક્ષિણ ભારત, શ્રીશૈલમ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, કન્યાકુમારી, ઉંટી. દિવસ- 14. તારીખ- 11/ 11, 24/ 11 (2) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, દાર્જીલિંગ, ગેંગટોક, નેપાળ. તારીખ- 11/ 11, દિવસ- 19, દિવસ- 12, (3) બનારસ, અયોધ્યા, મનોકામના, નેપાળ, ગયાજી, તારીખ- 11/ 11, દિવસ- 12 (4) ભૂતાન. તારીખ- 10/ 12, 05/ 01, દિવસ- 8. (5) રોયલ કાશ્મીર, વૈષ્ણોદેવી. તારીખ- 15/ 01, 16/ 02. દિવસ- 11. -દિપકભાઇ- 9825144143, કિશનભાઇ- 9898700934.

**Dinesh Tours N Travels** નવેમ્બર - ડિસેમ્બર પેકેજ @ કેરાલા - રામેશ્વરમ - મદુરાઇ - કન્યાકુમારી. દિ. ૧૦ @ કશ્મીર - અમૃતસર. દિ. ૧૦ @ દાર્જીલિંગ - લાચુંગ - પેલિંગ - ગંગટોક. દિ. ૯ આરામદાયક હોટલ બ્રેકફાસ્ટ - ડિનર સહિત વધુ માહિતી માટે સંપર્ક કરો :- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

નોકરી વિષયક

**મને સવારે 10થી રાત્રે 11 વાગ્યા** સુધી આઇસ્ક્રીમ પાર્લર માટે ઓપરેશન પર્સનની જરૂર છે. સુરતમાં સ્ટેશન રોડ પાસે વધુ માહિતી માટે 9712907552 પર કૉલ કરો.

**ખુશાલભાઇ જ્વેલર્સને** જોઇએ છે. સેલ્સમેન/ સેલ્સગર્લ. અનુભવીને પહેલી પસંદર્ગી લાયકાત ધરાવતા ઉમેદવારને પગારનો કોઇ બાધ નથી. સવારે ૧૧ થી ૫ માં રૂબરૂ મળો. અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લે પોઇન્ટ, સુરત.. MO. 8160859341 (315)

**Urgently Required** Office Work Assistant: 10th/ 12th Pass/Fail. Assist Draftsman in preparing RCC beam, slab and column schedules. Basic Computer knowledge, MS Office, Excel, Word & Data Entry required. 1101-1104, Royal Trade Centre, Adajan. Call: 0261- 2782298, 2782299, 9924440493. Send Your Resume: erjalilsheikh@gmail.com

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.